અપીલ અરજી નં.૩૨૬ તા.૪–૨–૦૯

અરજદાર: શ્રી સુરેશ એમ.પટેલ
સામાવાળા: શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકત:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની તા.૨૩–૧૨–૦૮ ની અરજીથી બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૨૮૪,૨૯૪,૩૦૭,૩૧૮,૩૩૬,૩૪૩–બી ,૩૫૨–બી ,૩૬૦, ૩૭૩, ૪૪૦ ,૪૪૬ વાળી મિલકતમાં ચાલતા જરીના કારખાના જેવા કે ,પાટલામશીન, વિટવાના,તાણીયા,આળીયા મશીન , જરી ટવીસ્ટીંગ ,ચાંદીગીલીટ , જરીગીલીટના ચલાવતા કારખાનાના માલિકે કારખાના ચાલુ કરવામાટે સુ.મ.પા. ના સંબંધિત વિભાગ પાસે બી.પી.એમ.સી. એકટ ૩૧૩ મુજબ પરવાનગી તેમજ ગટર જોડાણની મંજુરી તથા બી.યુ.સી.ની મંજુરી લીધેલ છે? વિ. બાબતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૨૬/૨૦૦૮–૦૯

શ્રી સુરેશ એમ.પટેલની તા.૨૩–૧૨–૦૮ ની અરજીથી બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૨૮૪,૨૯૪, ૩૦૭, ૩૧૮,૩૩૬,૩૪૩–બી ,૩૫૨–બી ,૩૬૦, ૩૭૩, ૪૪૦,૪૪૬ વાળી મિલકતમાં ચાલતા જરીના કારખાના જેવા કે, પાટલામશીન, વિટવાના,તાણીયા,આળીયા મશીન, જરી ટવીસ્ટીંગ ,ચાંદીગીલીટ,જરીગીલીટના ચલાવતા કારખાનાના માલિકે કારખાના ચાલુ કરવામાટે સુ.મ.પા. ના સંબંધિત વિભાગ પાસે બી.પી.એમ.સી. એકટ ૩૧૩ મુજબ પરવાનગી તેમજ ગટર જોડાણની મંજુરી તથા બી.યુ.સી.ની મંજુરી લીધેલ છે? વિ. બાબતની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ના પત્ર નં./સી.ઝેડ/આરટીઆઈ/આ./૧૨૮૫ તા.૨૧–૧–૦૯થી આપેલ માહિતી માંગ્યા મુજબ આપેલ ન હોવાનું તથા સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૫ તા.૧૨–૨–૦૯ ના રોજ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકાર (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને આજ દિન સુધી પૂરક માહિતી મળેલ નથી.

અરજદારની તા.૨૩–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં./સી.ઝેડ/આરટીઆઈ/આ./૧૨૮૫ તા.૨૧–૧–૦૯થી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર મુદ્દા નં.૧ અંગે કલમ–૩૧૩ મુજબ પરવાનગી લીધેલ નહીં હોવાનું,ગટર જોડાણની મંજુરી લીધેલ નહીં હોવાનું તથા બીયુસી આપેલ નહીં હોવાની માહિતી આપવામાં આવેલ જણાય છે. અરજદારે મુળ અરજીમાં બંધ કરાવી કાર્યવાહી કરી માહિતી માંગવામાં આવેલ છે. તેમજ અપીલ અરજીમાં પણ કાર્યવાહીને લગતી રજુઆત કરવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આરટીઆઈના કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે ) અનુસાર જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે છે. જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેથી અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર કાર્યવાહીને લગતી અપીલમાં કરેલ રજૂઆત અંગે સક્ષમ સત્તાધીશને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
અ**ને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ.પટેલ,